



# ડીસાના મુખ્ય માર્ગને નવો બનાવવાના બદલે થાગડ-થીગડ, આમ પ્રજાની હાડમારીઓ અકબંધ

ડીસામાં ભૂગર્ભ ગટરની કામગીરી દરમ્યાન ખોદી દેવાયેલ મુખ્ય રોડ નવો બનાવવાને બદલે માત્ર અડધો એટલે કે થાગડ થિંગડ કરાતા રાહદારીઓ, વાહનચાલકો અને દુકાનદારોની હાડમારી અકબંધ રહેવા પામી છે. બનાસકાંઠાના વેપારી મથક ડીસાએ વિકાસની હરણફાળ ભરી છે, સતત વિકસતા જતા શહેરમાં પાલિકાએ વિકાસલક્ષી ગ્રાન્ટ હેઠળ અનેક વિકાસના કામો હાથ ધર્યા છે જેમાં રોડ, ગટર અને પાણી જેવી પાયાની જરૂરિયાત શહેરીજનોને મળી રહે તે માટેના પણ વિવિધ કાર્યો હાથ ધર્યા છે જે દરમિયાન હાલમાં બીજા તબક્કાનું ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું છે જેની કામગીરી દરમિયાન મુખ્ય માર્ગ એવો જલારામ મંદિરથી બગીચા સુધી તાજેતરમાં બનાવેલો રોડ ખોદી દેવામાં આવ્યો હતો. તેના લીધે છેલ્લા એક માસથી વાહન ચાલકો અને રાહદારીઓ ધૂળ ફાકવાની સાથે અહીંથી મહા મુસીબતે પસાર થતા હતા. આ બાબતે અવારનવાર મીડિયા સમક્ષ રાહદારીઓએ પોતાની પીડા ઠાલવી હતી જેને લઈને પાલિકાતંત્ર હરકતમા આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે આ મુખ્ય માર્ગને નવીન બનાવવાની કામગીરી હાથ ધરતા ડીસાવાસીઓમાં ઉત્સાહ ફેલાયો હતો. જોકે પાલિકા દ્વારાં આ માર્ગને માત્ર અડધો જ બનાવી સંતોષ માની લીધો હતો. શહેરના હાર્દ સમાં આ માર્ગને માત્ર અડધો જ બનાવાતા રાહદારીઓ, દુકાનદારો અને વાહનચાલકોની હાડમારી અકબંધ રહેવા પામી છે. તેથી પાલિકાના વહીવટ સામે સવાલો ઉઠવા પામ્યા છે.

# એસપી સંજય ખરાતે સ્ટેટ હાઈવે ઓથોરિટીને પત્ર લખતા તંત્ર સફાળું જાગ્યું

## શામળાજી-ગોધરા હાઈવે નં-૫ પર ૩૬ જેટલા ગેરકાયદેસર કટ દુર કરવા કામગીરી હાથ ધરાઈ

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા એસપી સંજય ખરાતે અકસ્માતની ઘટનાઓમાં જિલ્લામાંથી પસાર થતો રાજ્ય ધોરીમાર્ગે નં-૫ શામળાજી-ગોધરા ફોરલેન માર્ગના નિર્માણ પછી હાઈવેની બંને બાજુ તરફ આવેલ પેટ્રોલ પમ્પો અને હોટલોવાળાઓએ ગ્રાહકો મેળવવામાં માટે પ્રજાજનો અને વાહનચાલકોના જાનના જોખમે આડેધડ ડિવાઈડરો તોડી પાડી અવરજવર માટે જગ્યાઓ બનાવતા તોડી પડાયેલ ડિવાઈડરોમાંથી વાહનો રોડ ક્રોસ કરતા હોવાથી અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતી હોવાનું ધ્યાને આવ્યું હતું.




અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ગુજરાત રોડ ડેવલોપર્સ કોર્પોરેશન ગાંધીનગર મેનેજરને ને.હા.નં-૫ આવેલ ગેરકાયદેસર કટના ફોટોગ્રાફ સાથે પત્ર લખી દૂર કરવા તાકીદ કરતા અને ગેરકાયદેસર કટ કરનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી તાત્કાલિક અસરથી કામગીરી કરવા જણાવ્યું છે. ગેરકાયદેસર કટ દૂર કરવા જીલ્લા કલેક્ટર અને રોડ નિર્માણ કરનાર એલએન્ડટી કંપનીને પણ જાણ કરવામાં આવી છે. જીલ્લા પોલીસવડાની કામગીરીની લોકોએ ભારે સરાહના કરી હતી. એસપીના પત્રને લઈને જવાબદારતંત્ર સફાળું જાગ્યું હતું અને ગેરકાયદેસર કટ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવતા લોકોએ એસપીની કામગીરીની સરાહના કરી હતી, ગેરકયદેસર કટ કરનાર લોકોમાં તેલ રેડાયું હતું.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે નં-૫ શામળાજી આશ્રમ ચોકડીથી મોડાસા સહયોગ ચોકડી, માલપુર ગલિયાદાંતી ટોલપ્લાઝાથી બાબલીયા ચોકડી સુધીના માર્ગ પર ઠેર ઠેર ગેરકાયદેસર કટના પગલે અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ ભોગ બની જીવ ગુમાવતા હોવાનું ધ્યાને આવતા આ અંગે સમગ્ર હાઈવે પર નિરીક્ષણ કરી ગેરકાયદેસર ધંધાર્થીઓએ આપેલ ૩૬ કટ શોધી કાઢી આ અંગેના ફોટોગ્રાફ સહીત વિસ્તૃત માહિતી સાથે ગાંધીનગર સ્થીત ગુજરાત રોડ ડેવલોપર્સ કોર્પોરેશન લિમિટેડના મૅનેજર, જિલ્લા કલેકટર અને રોડ પર ટોલપ્લાઝા ધરાવતી એલ એન્ડ ટી કંપનીને પત્ર લખી ગેરકાયદેસર કટ હટાવવા તાકીદ કરી હતી અને આર્થિક લાભ ખાતર હાઈવે પર ગેરકાયદેસર કટ કરનાર શખ્સો સામે મોટર વિહકલ એક્ટ મુજબ ગુન્હો બનતો હોવાથી આઈપીસી એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવેની તાકીદ કરવામાં આવતા તંત્ર દ્વારા આખરે હાઈવે પર રહેલા ૩૬ ગેરકાયદેસર કટ દૂર કરવા કામગીરી હાથ ધરી હતી.

## સંવેદનશીલ સરકારનો અસંવેદનશીલ નિર્ણય.!!

# સરકારી ઈજનેરી કોલેજમાં ઈલેક્ટ્રીક બ્રાન્ચના ૨૫ એડહોક પ્રાધ્યાપકોને છુટા કરી દિવાળી બગાડી

રાજય સરકારની વિવિધ સરકારી ઈજનેરી કોલેજમાં ઈલેક્ટ્રિક બ્રાન્ચમાં વર્ષોથી ફરજ બજાવતા ૨૫ સહાયક પ્રાધ્યાપકોને છુટા કરવાનો નિર્ણય કરતા દિવાળી સમયે ૨૫ પરિવારોની ખુશી છીનવી લીધી હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. રાજયની વિવિધ સરકારી એન્જીનીયરીંગ કોલેજમાં ફરજ બજાવતા ૨૫ સહાયક પ્રાધ્યાપકોને રાતોરાત છુટા કરી દેવાના નિર્ણયથી પ્રાધ્યાપકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સરકારે કોરોનાની મહામારીમાં સંવેદનશીલ બની તમામ સહાયક પ્રાધ્યાપકોનો કરાર યથાવત રાખવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

કોરોના મહામારીના પગલે બેરોજગારી ન વધે તે માટે વડાપ્રધાન અને મુખ્યમંત્રી દ્વારા કોઈપણ કંપની કે ખાનગી કર્મચારીઓને છુટા કરવાની મનાઈ ફરમાવાઈ છે ત્યારે રાજયની કોલેજમાં એક સામટે કોઈપણ જાણ કર્યા વિના ૨૫ કર્મચારીઓને છુટા કરી બમણા પગારે કર્મચારી નીમણુંક કરાતા આશ્ચર્ય ફેલાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજોમાં કોમ્પ્યુટર, આઈટી, ઈલેક્ટ્રીક મિકેનિકલ સહીતની વિવિધ બ્રાન્ચમાં ખાલી પડેલી પ્રાધ્યાપકોની જગ્યા ભરવા માટે સરકારે ઘણા વર્ષો પહેલા ૧૧ માસના કરાર આધારિત કોન્ટ્રાક પરના એડહોક પ્રાધ્યાપકોની નિમણુંક કરી હતી, સરકારી ઈજનેરી કોલેજના પ્રાધ્યાપક પદ માટે સરકારે થોડા વર્ષ અગાઉ જીપીએસી પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને નોકરી રાખે તો એડહોક પ્રાધ્યાપકોને અન્યાય થાય તેમ હોવાથી હાઈકોર્ટમાં પિટિશનો થઈ હતી હતી, જે અંગે કેસ ચાલતો હતો અને એડહોક પ્રાધ્યાપકોની સેવાઓ ચાલુ હતી ત્યારે ટેકનિકલ શિક્ષણ કચેરી નિયામકે ડિગ્રી અભ્યાસક્રમો માટે હયાત વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ ટેક્નિકલ શિક્ષણ કચેરી કેડર મુજબ એઆઈસીટીઈના ધારા ધોરણનો ઉલ્લેખ કરી વર્ષોથી કરાર આધારિત ફરજ બજાવતા એડહોક પ્રાધ્યાપકોને છુટા કરવાનો આદેશ કરતા વર્ષોથી સરકારી ઈજનેરી કોલેજમાં એડહોક પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ૨૫ કર્મચારીઓના ઘરે દિવાળી ટાણે દીવો ન સળગે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

એડહોક પ્રાધ્યાપકોના જણાવ્યા અનુસાર જયારે સરકારી ઈજનેરી કોલેજોમાં સ્ટાફની ખરેખર જરૂર હતી ત્યારે ચોથો સ્તંભ બની સેવા આપનાર એડહોક વ્યાખ્યાતાઓને વિધાર્થીઓની સંખ્યા ઘટી છે અને દૂરની કોલેજોમાં બેઠકો ભરાઈ નથી એમ કરી અધ્યાપકોની વધ બતાવી એકાએક કોઈપણ જાતની જાણ કર્યા સિવાય ૨૫ એડહોક અધ્યાપકોના પરિવારના પેટ પર દિવાળી ટાણે લાત મારી છે. છુટા કરાયેલ એડહોક પ્રાધ્યાપકોએ ટેક્નિકલ શિક્ષણની કચેરીના અમુક સ્ટાફ પૂર્વગ્રહ રાખી જરૂર કરતા વધારે જીપીએસસી ભરતી માટે માંગણા પત્રક બનાવી એકમાત્ર એડહોક/કરાર આધારિત કર્મચારીને છુટા કરવાના આશયથી જ અવનવા નીતિ નિયમો અને સંદર્ભો લઈ નિર્ણય લેવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. રાજ્યમાં એડહોક સેવા કરતા ઘણા કર્મચારીઓને કાયમી કરી દેવામાં આવ્યા છે ત્યારે ગુજરાત સરકારે કોરોના મહામારીમાં ૨૫ પરિવારોને વગર બીમારીએ મારી નાખ્યા છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે અત્યાર સુધી ઉચ્ચ અભ્યાસ અને અન્ય કોઈ પ્રકારની તાલીમથી વંચિત રાખવામાં આવેલ હોવાથી હવે તેમને અન્ય કોઈ જગ્યાએ નોકરી મેળવવી પણ મુશ્કેલ થશે, અમુક અધ્યાપકો ચાલીસી વટાવી ચૂકેલા છે, મોટાભાગના અધ્યાપકો પર ઘરડા મા બાપ, છોકરાઓની જવાબદારી છે એવામાં શિક્ષણ વિભાગ અને ટેક્નિકલ શિક્ષણની કચેરી ધ્વારા લેવાયેલ આ પગલું એ ગુજરાત સરકાર પર લાંછનરૂપ સાબિત થશે કારણ કે સપ્ટેમ્બર ૨૦૨૦ માં છૈંઝ્ઈ એ કરેલ એફિડેવિટ મુજબ રાજ્ય સરકારે સ્ટાફ સ્ટુડન્ટ રેશીઓ અનુસરવાનો હોય છે પણ એનો મતલબ સ્ટાફને છૂટો કરવો એવો નથી.

## મોડાસા રૂરલ પોલીસે ન્યુ બ્રાન્ડેડ બ્રેઝા કારમાંથી

# બે લાખના અને એલસીબી પોલીસે બે બાઈક પર દારૂની ખેપ અટકાવી

મોડાસા, તા. ૧૧

ગાંધીના ગુજરાતમાં દિવાળીના તહેવારમાં કેટલાક દારૂના શોખીનો રંગે રંગાવાની સાથે વિદેશી દારૂની મહેફિલ માણી ઝુમતા હોવાથી વિદેશી દારૂની માંગમાં મોટા પ્રમાણમાં વધારો થતો હોય છે. બુટલેગરો દારૂની હેરાફેરીમાં લકઝુરિયસ વાહનોનો ઉપયોગ કરી પોલીસની આંખમાં ધૂળ નાખતા હોય છે. મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પરથી પસાર થતી ન્યુ-બ્રાન્ડેડ બ્રેઝા કારમાંથી ૨.૨૧ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી હરિયાણાના ૨ યુવા બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. અરવલ્લી એલસીબી પોલીસે બોર કંપા નજીક બાઈક પર ખેપ મારતા મોટા કંથારીયા ગામના ૨ શખ્સોને ૧૨ હજારના દારૂ સાથે દબોચી લીધા હતા તેમજ ધનસુરાના રહિયોલ ફાટક પાસેથી અપાચે બાઈક પર રહેલા થેલામાંથી ૭ હજારથી વધુનો દારૂ ઝડપી લીધો હતો. પોલીસ ચેકીંગ જોઈ ફરાર બાઈક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના ઈનચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એસ.એન. પટેલ સહિતની ટીમે નેશનલ હાઈવે માર્ગની રાજેન્દ્રનગર ચોકડી ઉપર હાથ ધરાયેલ આ ચેકીંગ દરમ્યાન રાજસ્થાન તરફથી આવી રહેલ નંબર વગરની ગાડીને અટકાવી તલાસી લેતા પાછળની સીટ તેમજ ડીકીમાંથી ઈંગ્લીશ દારૂની ૪૦૨ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે દારૂનો જથ્થો, ગાડી અને ૩ મોબાઈલ સહિત કુલ રૂ. ૭,૦૭,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જયારે પ્રતિબંધીત વિસ્તારમાં વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરીમાં સંડોવાયેલા ગાડીચાલક પ્રકાશ કરણસીંગ જાટ અને સંદીપ સતબીરસીંગ જોગી બંને રહે. ચીડાના, તા.ગોહાણા, જિ.સોનીપથ (હરીયાણા)ને ઝડપી આ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.



# સ્વચ્છ ભારત મિશનમાં ફરજ બજાવતા કર્મચારીઓએ પગાર વધારો કરવા મુદ્દે આવેદનપત્ર આપ્યું

સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ)માં ફરજ બજાવતા કર્મચારીઓએ પગાર વધારો કરવા મુદ્દે માલપુર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. સ્વચ્છ ભારત મિશનના (ગ્રામિણ)ના માલપુર તાલુકાના કર્મચારીઓએ આ આવેદનપત્ર આપ્યું હતું. માલપુર તાલુકા કક્ષાના બ્લોક કો ઓર્ડીનેટર, કલસ્ટર કો ઓર્ડીનેટર અને સિવિલ એન્જિનીયર કર્મચારીઓએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજનાની કામગિરીથી લઈને આઈ.ઈ.સી પ્રવૃત્તિઓ તેમજ સરકારના દરેક કાર્યક્રમોમાં મહેનત કરે છે અને ઓછા પગારમાં પરિવારનું ગુજરાન પણ ચલાવી શકાતું નથી. આ બાબતે પગાર વધારો મળી રહે એ બાબતની ધ્યાન લેવા જણાવ્યું હતું.



રોટરી કલબ હિંમતનગર ધ્વારા લોકોમા તહેવારોમા કોવિડના વધતા પ્રકોપથી બચવા અને માસ્ક પહેરવાની જાગૃતિ માટે ''નો માસ્ક..નો એન્ટ્રી'' ના ૫૦૦ સ્ટીકર શીટ કાર્ડની સિવીલ હોસ્પીટલ, હિંમતનગરના વિવિધ વિસ્તારોની દૂકાનો, મોલ અને બેંકમાં વિતરણ કરવામાં આવ્યુ. આ ઉપરાંત સિવીલ હોસ્પીટલમાં કોરોના વોરીયૅસ માટે માસ્ક ભેટ આપવામા આવ્યા. આસિસ્ટન્ટ ગવૅનર રોટે. રસિક પટેલ ધ્વારા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ રોટરી કલબ હિંમતનગરના પ્રમુખ રોટે. ડો. સંજય વેદિયા, મંત્રી રોટે. રમેશચંદ્ર પટેલ, સર્વે રોટેરીઅન્સ હાજર રહ્યા હતા.

# અંબાજીમાં લોકડાઉનમાં બંધ કરાયેલ રેલવે ટીકીટ આરક્ષણ કેન્દ્ર શરૂ

અંબાજી, તા. ૧૧

અંબાજી મંદિર સંકુલમાં રેલ્વે દ્વારા ફરી એકવાર ટીકીટ આરક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે. ગત દિવસોએ કોરોના મહામારી વચ્ચે તંત્ર દ્વારા બંધ કરવામાં આવેલ ટીકીટ આરક્ષણ કેન્દ્ર ફરી શરૂ કરવામાં આવતાં યાત્રિકોને રાહત મળી છે. દર્શનાર્થે આવતાં યાત્રિકોને ટીકીટ બુકિંગ કરાવવા કે અન્ય માહિતી માટે રેલ્વે સ્ટેશન સુધી લાંબુ ન થવુ પડે તે માટે શરૂ કરવામાં આવેલ ટીકીટ આરક્ષણ કેન્દ્ર બુધવારે ફરી શરૂ થતાં યાત્રિકોને આ સેવાનો લાભ મળશે.

બનાસકાંઠા જીલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજીમાં વર્ષે-દહાડે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતાં હોય છે. આ યાત્રિકો માટે નજીકનું રેલ્વે સ્ટેશન આબુરોડ હોઈ રેલ્વે તંત્ર દ્વારા અગાઉ યાત્રિકોને ટીકીટ બુકીંગ કે અન્ય કામ માટે છેક રેલ્વે સ્ટેશન લાંબુ ના થવુ પડે તે માટે મંદિર સંકુલમાં જ ટીકીટ આરક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ હતુ. જોકે કોરોનાકાળમાં રેલ્વે સેવા બંધ થતાં ટીકીટ આરક્ષણ કેન્દ્ર પણ બંધ કરવામાં આવ્યુ હતુ. જોકે હવે રેલ્વે સેવાઓ ફરી શરૂ થતાં ફરી એકવાર ટીકીટ આરક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે.



# ધનસુરામાં ટેકાના ભાવે મગફળીની ૬૫૦૦ બોરીની ખરીદી

ધનસુરામાં ટેકાના ભાવે મગફળીની ૬૫૦૦ બોરીની ખરીદી કરાઈ સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરુ કરી છે જિલ્લાના ૬ તાલુકામાં આ ખરીદી થઈ રહી છે. ત્યારે ધનસુરા માર્કેટમાં પણ ટેકાના ભાવે મગફળીની ખરીદી થઈ રહી છે. જેમાં ૬૫૦૦ જેટલી બોરીની આવક થઈ હતી. ટેકાના ભાવે મગફળી વેચવા આવેલ ખેડૂત કુંદનભાઈ ગોબરભાઈ પટેલે જણાવ્યું હતું કે ધનસુરા માર્કેટમાં ખૂબ સારી રીતે ટેકાના ભાવે ખરીદી થઈ રહી છે અને ખૂબ સહકાર મળી રહ્યો છે. જ્યારે ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર હેમંતભાઈએ જણાવ્યું હતું કે ખેડૂતોને નંબર મુજબ બોલાવવામાં આવે છે અને ૬૫૦૦ બોરી જેટલી આવક થઈ ચૂકી છે. ૧૦૦થી વધુ ખેડૂતો ટેકાના ભાવે મગફળી વેચી ચૂક્યા છે માર્કેટના સેક્રેટરી રવિન્દ્રભાઈ પટેલ અને માર્કેટ ધ્વારા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કોરોનાને લઈને ખેડૂતો માસ્ક પહેરવા જેવી સાવધાનીઓ પણ રાખી રહ્યા છે.

**શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.**
Since 1959
'બનાસ ભવન', મુખ્ય કચેરી, ડીસા હાઈવે, પાલનપુર-૩૮૫૦૦૧

**વાર્ષિક સાધારણ સભા**

બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, બેંકની ૬૧મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૭/૧૧/૨૦૨૦ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, બનાસડેરી સંચાલિત બનાસ ઓઈલ યુનિટ, ડીસા હાઈવે, બાદરપુરા મુકામે મળશે. તો તે સમયે સભાસદ અગર તો તેઓના અધિકૃત પ્રતિનિધિએ તેઓએ આપેલ મોબાઈલ નંબર દ્વારા ઓનલાઈન થઈ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. તા. ૧૪/૮/૨૦૧૮ના રોજ મળેલ બેંકની ૬૦મી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલીને આપવા બાબત.
૨. (અ) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનો ડિવિડન્ડ ચુકવવા માટેનો આવેલ પરિપત્ર વંચાણે લેવા બાબત.
(બ) તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ પુરા થતાં વર્ષ આખરનો બેંકનો અહેવાલ, ઓડીટરશ્રીએ પ્રમાણિત કરેલ સરવૈયું તથા નફા - નુકસાન પત્રક માન્ય રાખવા અને બેંકના સંચાવક મંડળની ભલામણ મુજબ નફાની વહેંચણીની મંજુરી આપવા બાબત.
૩. બેંકના હિસાબોના ઓડીટ રીપોર્ટ બાબત.
૪. સને ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટે ઓડીટરશ્રીની નિમણુંક કરવા બાબત.
૫. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૬૭-એ મુજબ બેંકે આપેલ રાહતને બહાર રાખવા બાબત.
૬. નામ. ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ 'વનટાઈમ સેટલમેન્ટ યોજના' અન્વયે થયેલ કામગીરી મંજુર રાખવા બાબત.
૭. બેંકના પેટા નિયમમાં સુધારા - વધારા કરવા બાબત.
૮. અધ્યક્ષશ્રી તરફથી અગર તેઓશ્રીની મંજુરીથી જે કંઈ કામો રજૂ થાય તે.

પાલનપુર
તા. ૧૨/૧૧/૨૦૨૦

સંચાલક મંડળના આદેશથી
CA એમ. બી. પટેલ
મેનેજીંગ ડીરેક્ટર

નોંધ :-
૧. કોઈપણ સભાસદને બેંકના હિસાબો સંબંધમાં કોઈ માહિતી જોઈતી હોય તો તા. ૧૯-૧૧-૨૦૨૦ સુધીમાં બેંકની મુખ્ય કચેરીને લેખિત જાણ કરવા વિનંતી છે.
૨. મીટીંગ જો નોન કોરમ થશે તો મીટીંગના અર્ધા કલાક પછી કોરમ થયું છે તેમ ગણીને તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે.

**વિશેષ નોંધ :** અધિકૃત પ્રતિનિધિએ અત્રે મોકલી આપેલ મોબાઈલ નંબર ઉપર સાધારણ સભાની તારીખના બે દિવસ અગાઉ લીંક મોકલવામાં આવશે. જેના દ્વારા ઓનલાઈન થઈ શકાશે.